# નૃસિંહ ચતુર્દશીનું આધ્યાત્મિક મહત્વઃ

## ગોપી અને કૃષ્ણનો અનમોલ નૌકાવિહાર પ્રસંગ

ધર્મરંગ
વ્યોમા સેલર



શ્રી નૃસિંહ ચતુર્દશી હિંદુ ધર્મમાં એક અતિ પવિત્ર અને મહત્ત્વપૂર્ણ તહેવાર તરીકે માનવામાં આવે છે. આ દિવસ ભગવાન વિષ્ણુના ચોથા અવતાર, શ્રી નૃસિંહ ભગવાનના પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવાય છે. વૈશાખ મહિનાની શુક્લ પક્ષની ચતુર્દશી તિથિએ આવતો આ પાવન પ્રસંગ ભક્તિ, શ્રદ્ધા અને ધર્મના વિજયનું પ્રતિક છે. પુરાણોમાં વર્ણન મુજબ, હિરણ્યકશ્યપ નામનો અસુર રાજા અત્યંત અહંકારી અને દુરાચારી હતો. તેણે પોતાને સર્વશક્તિમાન ગણાવ્યો અને ભગવાન વિષ્ણુની ઉપાસના પર પ્રતિબંધ મૂકી દીધો. પરંતુ તેનો પુત્ર પ્રહલાદ ભગવાન વિષ્ણુનો અતિ ભક્ત હતો. હિરણ્યકશ્યપે પ્રહલાદને અનેક કઠોર યાતનાઓ આપી, પરંતુ પ્રહલાદની અડગ શ્રદ્ધાને કારણે ભગવાને હંમેશા તેની રક્ષા કરી. એક દિવસ હિરણ્યકશ્યપે ગુસ્સામાં પ્રહલાદને પૂછ્યું કે તારો ભગવાન ક્યાં છે? પ્રહલાદે જવાબ આપ્યો કે ભગવાન સર્વત્ર છે. ત્યારબાદ હિરણ્યકશ્યપે એક સ્તંભને લાત મારી, અને તે સ્તંભમાંથી અર્ધ માનવ અને અર્ધ સિંહ સ્વરૂપે શ્રી નૃસિંહ ભગવાન પ્રગટ થયા. તેમણે સંધ્યાકાળે, દ્વારના ઓટલે, પોતાના નખોથી હિરણ્યકશ્યપનો સંહાર કર્યો. આ ઘટના દર્શાવે છે કે ભગવાન પોતાના ભક્તોની રક્ષા માટે કોઈપણ સ્વરૂપ ધારણ કરી શકે છે.

શ્રી નૃસિંહ ચતુર્દશીના દિવસે ભક્તો ઉપવાસ રાખે છે, મંદિરોમાં જઈને પૂજા-અર્ચના કરે છે અને નૃસિંહ ભગવાનના સ્તોત્રોનું પાઠ કરે છે. "નૃસિંહ કવચ" અને "વિષ્ણુ સહસ્ત્રનામ"નું પાઠ ખાસ શુભ માનવામાં આવે છે. ઘણા સ્થળોએ ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

શ્રીકૃષ્ણનો નૌકાવિહાર ભક્તિ, આનંદ અને દિવ્ય લીલાઓનો સુંદર પ્રસંગ છે. આ પ્રસંગ ખાસ કરીને વૃંદાવન અને મથુરાના વિસ્તાર સાથે જોડાયેલો છે, જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે અનેક રમણીય લીલાઓ કરી હતી. નૌકાવિહાર લીલા એ તેમની રમૂજી અને પ્રેમાળ સ્વભાવનું ઉત્તમ ઉદાહરણ છે.

એક પ્રસંગ અનુસાર, ગોપીઓ યમુના નદી પાર કરવા માટે નાવમાં બેઠી હતી. ત્યારે શ્રીકૃષ્ણ નાવિકના વેશમાં આવ્યા અને તેમને પાર ઉતારવાનું વચન આપ્યું. નાવ મધ્યમાં પહોંચી ત્યારે શ્રીકૃષ્ણે મજાકમાં નાવ ડગમગાવવાની શરૂઆત કરી, જેથી ગોપીઓ ડરી ગઈ. તેઓ ભગવાનને પ્રાર્થના કરવા લાગી અને પોતાની ભક્તિ વ્યક્ત કરી. આ રીતે શ્રીકૃષ્ણે ગોપીઓની શ્રદ્ધા અને પ્રેમની પરીક્ષા લીધી.

આ લીલા દર્શાવે છે કે ભગવાન પોતાના ભક્તો સાથે પ્રેમ અને આનંદથી જોડાયેલા છે. તેઓ માત્ર પૂજનીય દેવતા જ નથી, પરંતુ મિત્ર, માર્ગદર્શક અને પ્રેમાળ સાથી પણ છે. નૌકાવિહાર આપણને શીખવે છે કે જીવનના સંકટોમાં ભગવાન પર વિશ્વાસ રાખવો જોઈએ, કારણ કે તેઓ હંમેશા આપણને સાચા માર્ગે દોરી જાય છે. આ પ્રસંગ ભક્તોમાં આનંદ અને ઉમંગ જગાવે છે. ઘણા મંદિરોમાં નૌકાવિહારની ઝાંખીઓ અને ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે, જેમાં ભક્તો ભાગ લઈ ભગવાનની લીલાનો આનંદ માણે છે.

આ રીતે, શ્રીકૃષ્ણનો નૌકાવિહાર ભક્તિ, પ્રેમ અને વિશ્વાસનો અનમોલ સંદેશ આપતો એક પાવન પ્રસંગ છે. શ્રીકૃષ્ણના નૌકાવિહાર પ્રસંગમાં ગોપીઓનું મહત્વ ખૂબ જ વિશેષ છે. ગોપીઓ વૃંદાવનના ગ્વાળણીઓ હતી, પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ તેઓ ભગવાન શ્રીકૃષ્ણની અતિશય પ્રેમાળ ભક્તો તરીકે ઓળખાય છે. તેમની ભક્તિ નિઃસ્વાર્થ, નિર્મળ અને અડગ હતી. તેઓ શ્રીકૃષ્ણને માત્ર દેવ તરીકે નહીં, પરંતુ પોતાના પ્રાણપ્રિય તરીકે માનતી હતી.

નૌકાવિહાર લીલામાં ગોપીઓ યમુના નદી પાર કરવા માટે એકઠી થાય છે. તેઓ દહીં, માખણ અને અન્ય સામગ્રી લઈને જતા હોય છે. ત્યારે શ્રીકૃષ્ણ

> નૌકાવિહાર લીલામાં ગોપીઓ માત્ર સાથી પાત્ર નથી, પરંતુ ભક્તિ, પ્રેમ અને સંપૂર્ણ સમર્પણનું જીવંત ઉદાહરણ છે

નાવિકના વેશમાં આવીને તેમને મદદ કરવાનો પ્રસ્તાવ કરે છે. ગોપીઓ શરૂઆતમાં તેમને ઓળખતી નથી અને થોડું સંકોચ અનુભવતી હોય છે, પરંતુ અંતે તેઓ નાવમાં બેસી જાય છે.

જ્યારે નાવ નદીના મધ્યમાં પહોંચે છે, ત્યારે શ્રીકૃષ્ણ મજાકરૂપે નાવ હલાવવાનું શરૂ કરે છે. ગોપીઓ ડરી જાય છે અને ભગવાનને પ્રાર્થના કરે છે. આ સમયે તેમની ભક્તિ, વિશ્વાસ અને સમર્પણ સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. તેઓ સંપૂર્ણ રીતે શ્રીકૃષ્ણ પર નિર્ભર થઈ જાય છે. ગોપીઓનું આ સમર્પણ દર્શાવે છે કે સાચી ભક્તિમાં અહંકાર માટે સ્થાન નથી. તેઓ પોતાનું બધું ભગવાનને અર્પણ કરી દે છે. આ કારણે ગોપીઓનું સ્થાન ભક્તિ માર્ગમાં ખૂબ ઊંચું માનવામાં આવે છે. આ રીતે, નૌકાવિહાર લીલામાં ગોપીઓ માત્ર સાથી પાત્ર નથી, પરંતુ ભક્તિ, પ્રેમ અને સંપૂર્ણ સમર્પણનું જીવંત ઉદાહરણ છે, જે આપણને ભગવાન સાથેના સંબંધને વધુ ગાઢ બનાવવાની પ્રેરણા આપે છે. સુરત ખાતે આવેલા ઇસ્કોન મંદિરમાં પણ નૌકાવિહારનો ઉત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે.

---

# ઘડાના પ્રકાર

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

ઝળહળતા મહાનગર તામ્રલિપ્તપુરને, કુદરતી વિપદાથી, ભાંગી ભાંગીને ભગવાને, સાવ સાદું એવું કંસારાનું નગર તમલુક બનાવી દીધું! પણ તેના લોકો, કારીગરો, મજૂરો વગેરે હજુ પણ તેવા જ ઝળહળતા અને કુશળ રહ્યા છે.

અમને તે વાતની પ્રતીતિ રાખાલદાસ સહજીયા બાઉલે કરાવી.

તે બોલ્યો, ''અમે પેઢીઓથી આ તમલુકની રૂપનારાયણ નદીના કાંઠે આશ્રમ બાંધી રહીએ છીએ. આ શહેર-ગામ અમારું પંડ પોષે. નદી ક્યારેક ચોમાસામાં પાસે આવે, માધુકરીમાં આખો આશ્રમ સાથે લઈ જાય! અમે ફરીથી ત્યાં જ આશ્રમ બનાવી લઈએ! પરંતુ ક્યાંય જઈએ નહીં.''

તે આગળ બોલ્યા, ''અહીં તાંબાનો ઉપયોગ ખૂબ જ. સિક્કાથી લઈ અને મોટી મૂર્તિ સુધી બધું જ તાંબામાંથી ઘડવામાં કે ઢાળવામાં આવે. અહીંના કંસારાઓ ખૂબ જ બુદ્ધિશાળી છે! ચાલો, તમને કંસારા બજાર બતાવું!''

તેમ કહી અમને રૂપ નારાયણ નદીના કાંઠે તેનો આશ્રમ છે ત્યાંથી તાપાસજન ચોક થઈ, બુદ્ધ પાર્ક પાસેની સડક પરથી, તમલુકની બડા બજાર પાસેની કંસારા ગલીમાં લઈ ગયો.

ત્યાં તાલુ નામે એક કંસારાની દુકાને અમે ગયા. તાલુ કંસારાએ બાઉલને અને અમને આવકાર આપ્યો. દુકાન



નાની હતી, ત્યાં ચાર કારીગરો કામ કરી રહ્યા હતા

રાખલ બાઉલ બોલ્યો, ''તાલુ! આ ભાઈને કળશ, હાંડા, દોની, બડી કલસી બતાવો. તને પહેલા જ કહી દઉં, આ લોકો ખરીદી નહીં કરે, ખાલી જોવા આવ્યા છે.'' કંસારો બોલ્યો, ''બહુ સારું! ખરીદવાવાળા તો ઘણા આવે છે, બાઉલ! આવા નીરખવાવાળા તો ભાગ્યે જ આવે!'' પછી તે તાંબાના એક પછી એક વાસણ મૂકવા લાગ્યો. સૌ પ્રથમ તેણે એક ઘડો કાઢી અને મૂક્યો અને ઘડાનો પરિચય કરાવતા બોલ્યો, ''આ છે પંડિતકલસી'' અમે કળશ સામે જોઈ રહ્યા. મોટા હાંડા જેવો કળશ હતો. તેનું તળિયું બહિર્ગોળ હતું. આખો મઠારેલ હતો પરંતુ તેમાં ક્યાંય પંડિતાઈ દેખાતી નહોતી! તેથી અમે કંસારાને પૂછ્યું, ''આ કળશને પંડિત કલસી કેમ કહી?'' તો કંસારો હસ્યો અને બોલ્યો, ''તમને થતું હશે કે આ કલશને પંડિત કલશ કેમ કહે છે? શું પંડિત લોકો તેનો ઉપયોગ કરે છે? શું એવું છે? તો તેનો જવાબ છે, ના. એવું નથી.''

પછી કળશને ઉપાડી તેનું તળિયું બતાવતા તાલુ બોલ્યો, ''જુઓ, એનું તળિયું બહિર્ગોળ છે, તેથી તેને ડાબે-જમણે નમાવી શકાય. એક જ પંડિત જેમ મૃત્યુના શ્રાદ્ધથી માંડી, લગ્નના, સીમંતના તેવા બધા જ સંસ્કાર કરવા તરફ બધે વળી શકે, બરાબર તેની જેમ જ, આ કળશ ગમે તે બાજુ નમી શકે! બીજું, આ કળશ પંડિતની જેમ જ દ્રઢતાપૂર્વક ઈંઢોણી પર આસનસ્થ થઈ શકે! જમીન પર રાખો તો ડાબે-જમણે ઝુકે, છલકાઈ પોતાની નારાજગી વ્યક્ત કરે. ઈંઢોણીના વચ્ચેના અંતર્ગોળ ભાગમાં તેનો આ તળિયાનો બહિર્ગોળ ભાગ ચુસ્ત રીતે બંધ બેસી શકે! ત્યાં ઠરીને ઠામ થઈ શકે. ત્રીજું, એક કળશની ઉપર બીજો કળશ, ત્રીજો કળશ, એમ પૂરી ઉતરડ બનાવી શકો કારણ કે ઉપરના કળશનો તળિયાનો બહિર્ગોળ ભાગ, નીચેના કલશના મોં ભાગ ઉપર, ચુસ્ત રીતે બેસી જશે! તે જરાય સરકે નહીં. જે રીતે યજ્ઞ કરતા પંડિત, આચાર્ય, ઉપાચાર્ય, હોતા, વગેરે ચડતા-ઊતરતા ક્રમમાં ચુસ્ત રીતે પોતાનું સ્થાન જાળવી અને યજ્ઞ પૂર્ણ કરતા હોય છે. તેના જેવું જ સમજો.''

અમે પૂછ્યું આ ઘડાને તો તેનાં લક્ષણોના આધારે, તમે પંડિત ઘડો નામ આપ્યું, તે સમજાયું. પરંતુ શું બીજા પ્રકારના ઘડા પણ હોઈ શકે?'' કંસારો બોલ્યો, ''ભાઈ! ઘાટ આપનારનું જ આ નગર છે, તો બીજા પ્રકારના ઘડા તો હોય જ ને!' ' એમ કહી, તેણે બાજુની કાંધીમાંથી એક ઘડો ઉતારી, અમારી સામે મૂક્યો, અમને તો તે ઘડો પંડિત ઘડા જેવો જ લાગતો હતો. કશો ભેદ સમજાતો ન હતો. ત્યાં તો તાલુ બોલ્યો, ''જુઓ, ગુજરાતી મહેમાન! આ બાઉલ ઘટ!''

હું આશ્ચર્યથી તેની સામે તાકી રહ્યો.

તે આગળ બોલ્યો, ''આ ઘડાનું તળિયું, બહિર્ગોળને બદલે સપાટ છે! તેથી આ ઘડાને કોઈ ઈંઢોણી પર રાખીએ તો તે સ્થિર ન રહી શકે. તે ઝડપથી લસરી જાય! તે સાવ જમીન પર જ ઠીક

> એક જ પંડિત જેમ મૃત્યુના શ્રાદ્ધથી માંડી, લગ્નના, સીમંતના તેવા બધા જ સંસ્કાર કરવા તરફ બધે વળી શકે, બરાબર તેની જેમ જ, આ પંડિત કળશ ગમે તે બાજુ નમી શકે! બીજું, આ કળશ પંડિતની જેમ જ દ્રઢતાપૂર્વક ઈંઢોણી પર આસનસ્થ થઇ શકે!

રહે!'' આગળ કહ્યું, ''બીજી ખાસિયત તે આ ઘડો, અન્ય ઘડા પર ચઢી અને સ્થિર ન રહી શકે! લસરી જાય! સાથોસાથ તે અન્ય ઘડાને પણ પોતાના ઉપર ચઢવા ન દે ! આવા બાઉલ ઘડાની ઉતરડ ન બની શકે! બધા બાજુબાજુમાં, સમાન ભાવ અને સમાન ધર્મથી જ રહે! તે ડાબેજમણે કે આગળપાછળ ન ઝૂકે! બેઠો ત્યાં બેઠો. સમાપન કરતાં બોલ્યો, ''ઉપર-નીચે ન રહેવું, સમાન ભાવે રહેવું, સાવ ધરાતલ પર જ રહેવું, વગેરે બધાં જ લક્ષણો બાઉલનાં લક્ષણો છે! તેથી આ ઘડાનું નામ'બાઉલ ઘડો' પાડ્યું છે!'

અમે તમલુકના કંસારાની દુકાનમાં યોજાયેલા'બાઉલઘટ' અને 'પંડિતઘટ'નું સાયુજ્ય નિહાળતા રહ્યા.